Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગુજરાતી કવિતા પર ગાંધીપ્રભાવ

દેસાઈ પ્રેમલ. વિ
(એમ.એ.. એમ. ફીલ.)

ડો .કે.જી.પટેલ
(સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ,જાદર
પ્રિન્સિપાલ)

**Abstract:**

*ભારતના વિચારક્ષેત્રે અને કાર્યક્ષેત્રેમાં ગાંધીજીનું આગમન મહત્વનો બનાવ છે. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ બાદ ઇ.સ.૧૯૧૫માં ગાંધીજી સ્વદેશ આવ્યા ત્યારથી માંડીને ૧૯૪૦ સુધીના તબક્કાને ગુજરાતીમાં ખાસ કરીને સાહિત્ય તેમજ વિધ-વિધ ક્ષેત્રમાં વ્યાપક પ્રભાવ ઊભો થયો. દેશી રાજ્યની ખટપટ,ભણેલાં યુવક-યુવતીઓનો પ્રેમ વ્યવહાર,ગહન તત્વચર્ચા,પ્રકૃતિના ભવ્ય-ગહન અને સુધારાનો ઉપદેશ વગેરે કવન વિષય હતાં.કવિતક્ષેત્રે પણ નવાં પરિણામો ઊભા થવા લાગ્યા.દલિત શોષિત,પીડિતની વ્યથાને ઉજાગર કરવાનું કામ ભાષા-સાહિત્ય-કવિતા ધ્વારા જ થયું અને અનેક ચિંતન કારોના ચેતન તંત્રને હચમચાવી મૂક્યાં હતો. વિશ્વશાંતિ,વિશ્વપ્રેમ અને વિશ્વબંધુત્વના ગાંધીજીના વિચારો ઝડપથી સ્વીકૃત પામ્યા,આકાશ અને સ્વર્ગનાં ઉદયનો ને બદલે સાહિત્યકારોને અને કવિઓ હવે ધરતી માતાના ખોળામાં જ જીવન આતુલ્યના બન્યા.*

***Keyword:*** *ગુજરાતી કવિતા પર ગાંધીજીપ્રભાવ*

**Introduction:**

ગાંધીયુગના કવિઓના કાવ્યસર્જન પર વિષય, નિરૂપણરીતિ કાવ્યબાની,અને નવા દર્શન થાયછે. સામયિકો અને પાક્ષિકો,વર્તમાનપત્રો,સાહિત્યિક સંસ્થાઓનો ફાળો પણ તેમાં વિશેષ  ગુજરાતી કવિતા પર ગાંધીજી પ્રભાવ સર્જન પ્રતિભાના યત્કિંચિત દર્શન તેમના આ પ્રથમ કાવ્યસંગ્રહમાં જ થઈ જાય છે. માનવ-જગતમાં દૂ:ખ અને દરિદ્રતા છે તેનું કારણ હિંસા અને અસત્ય છે,ભય અને લાલચ છે. ગાંધીજીએ સત્ય અને અહિંસાને જીવનમાં આગવું સ્થાન આપ્યું. તેમણે જીવનમાં શ્રમને મહત્તવ આપ્યું મનુષ્યને સાચા અર્થમાં સ્વતંત્ર બનવા અનુરોધ કર્યો. છે. કવિઓ આ સંદર્ભ યોગ્ય જ કહે છે.

**ઉમાશંકર જોશી**

**“પ્રભુ પ્રગટ ભૂતલે,સલીલને ઝુલે પારણે,**
**હસે રજનિ તારલે,ગગનને વિતાને રહ્યા;**
**કદી પ્રકૃતિ અંકમાં, જગ જને નિહાળ્યા હતાં.**
**તમે પતિતમાં, દરિદ્રતા નવ-વિધાનનો**
**સસ્ત્રથી**
**ધ્વાનલ-જલ્યા જગે સુખદ શીત ભદ્રકરી,**
**તમે વિમલ પાથરી;શ્ર શક્તિના મંત્રથી**
**દૂ:ખી જગતના બન્યા અજબ એક**
**ધન્વંતરિ,”**

**ગાંધીજીએ દેશને ગુલામીમાંથી મુક્ત કરાવવા, દરેકને  સ્વતંત્ર બનાવવા અનેક**

દૂ:ખો જાતે સહન કર્યા.જગતને સુખી કરવા પોતે દૂ:ખો વેઠયા,દૂ:ખી લોકોના ઉદ્ધારક બન્યા,`વિશ્વશાંતિ`કાવ્ય સંગ્રહના `જીવનનો કલાધર` નામના કાવ્યમાં ગાંધીજીને તેમણે જીવનના કલાધર કહ્યા છે.

પૃથ્વીનું નશીબ અને પ્રજાના પુણ્યકર્મોના કારણે દેશમાં સ્વતંત્રતા રૂપી મુક્તિ ગંગા વેહવા લાગી,લોકોનાં અંતરમાં સ્નેહના ધ્વજો લહેરાવા લાગ્યાં કવિ કહે છે-

"કોના સુણીને સ્વર આંસુ ભીના
ગળી જતી વિશ્વની ઘોર હિંસા?
ઉલેચવા પાપ યુગો યુગોનાં
શું ઊતરી મૂર્તિમતી અહિંસા?
અંગો બધાં સંયમથી રસેલાં;
કંગાલની હાય થકી ભીંજેલ
લંગોટીમાં કાય લઈ લપેટી,
ચાલે પ્રભુ પ્રેરીત પ્રેમ મૂર્તિ."

વિશ્વની ઘોર હિંસાનો, પાપનો નાશ કરવા અને દૂ:ખી દલિત-પીડિતજનોને સુખી કરવા,અહિસાનો સંદેશો લઈને પ્રભુપ્રેરીત પ્રેમમૂર્તિ એવા ગાંધીજીનું અહી આગમન થયું છે.

આ જગત સામે અમારા પર નજર પણ કરશો નહિ. જગકીચડમાં પગ ધરશો નહિ,નહિતર એમાં ખુંપી જશો,એટલે તમે અમારા જેવા પાપીઓથી દૂર જ રહો, એમ કરીને હજારો મુત્યુંથી કરપીણ ઉરવ્યથા તેમણે હસતે મુખે વ્હોરી લીધી.

અને મોઢે મોંઘુ સ્મિત ફરકતું રાખી કુમળું
ઘડયું ગાંધીએ જીવન ચિર ક્રૂસારોહણ સમું.

'પ્રાચિના'કાવ્ય સંગ્રહમાં પણ ગાંધી વિચારણાને પ્રયોજતી કેટલીક રચનાઓમાં સત્ય, અહિસા અને જ 'અહિંસા'ના આદર્શોને પ્રસ્તુત કરી દે છે.

તૂટો ભલે સૌ સ્થલ કલ ભીંતડાં,
કે ચિત્ત તૂટો મુજ વિશ્વ માપતું.
પરંતુ પાયા સતત તૂતોના;
એ ભાવિ આશા લગીરે ખુટોનાં
મે જે ગણી સત્ય હતું જ સરવ્યું,
તે છો ગયું ફોક,ન ખાલી હાથ હું.

'વસંતવર્ષા'નામના કાવ્યસંગ્રહમાં આમાર જીવન-ઈ અમાર બાની કાવ્યમાં ગાંધીજી અને સત્યનું સમાંતરે મહિમાગન થયું છે.

"મારું જીવન તે મારી વાણી;
બીજું તે તો ઝાકળપાણી.
મારા શબ્દ ભલે નાશ પામો,
કાળ ઉદર માંહી વિરામો,
મારા કૃત્ય બોલી રહે તોય,
જગે કેવળ સત્યનો જય.
મારો એ જ ટકો આચાર,
જેમાં સત્યનો જય જયકાર.
સત્ય ટકો છો જાય આ દાસ,
સત્ય આર જ હો છેલ્લો શ્વાસ."

'મુત્યુંદંડ', 'રડો ન મુજ મુત્યુને', 'સ્પર્શૂ જગતને જ્યાં જ્યાં', નથી મે કોઈની પાસે', 'ઝખના', '૧૫મી ઓગષ્ટ -૧૯૪૭', અને 'જીર્ણ જગત' વગેરે કાવ્યોમાં પણ ગાંધીજીના 'અભિજ્ઞા',કાવ્ય સંગ્રહમાં પણ'ગાંધી જયંતી તે દીને', 'અબજ પુષ્પ માનવ્યનું', 'તોલ્સ્તોયની સમાધિએ', કાવ્યોમાં ગાંધી વિચારણનો અર્ક ઝીલયો છે.

સુંદરમ(ત્રિભુવનદાસ પુરષોત્તમદાસ લુહાર)

ગાંધીજીના વિરાટ વ્યક્તિતવનું ચિત્રણ અહોભાવપૂર્ણ રીતે પ્રગટ કરતું કાવ્ય , 'યાત્રા' નામના સંગ્રહમાં , 'અહો ગાંધી' નામે પ્રગટ થાય છે. કવિ ગાંધીજીની

અહિંસાની વિચારણા અને સત્ય ચરણની પ્રસસીત કરતા કહે છે-

" તમારે ના વેરી,પણ જગતનાં વેર સહવા
તમે બાંધીવટ,પ્રણયની વેદી રચવા
ચહ્યું, વિશ્વએ અદ્રિ સમ વિરચવા શાંતિ સદન;
મર્યા એ સંગ્રામે કવચ ધરીને માત્ર પ્રજાનું."

ગાંધીજીને જગતમાં કોઈની સાથે વેર ન હતું, કોઈ તેમનો શત્રુ ન હતો. પણ જગતના લોકો માટે પ્રેમની વેદી રચવા માટે તેમણે વેર સાથે જ શત્રુતા બાંધી, વિશ્વને શાંતિસદન બનાવવા તેમણે સત્યનું-પ્રભુ કવન ધારણ કર્યું. ગાંધીજીને કોઈ મારી શકે તેમ ન હતું,

કવિ શ્રી સુન્દરમ કાવ્યસંગ્રહમાં જ્યારે માનવમનમાં,હ્રદયમાં પ્રગટશે ત્યારે જગતમાં એકતા- બંધુતાની ભાવના જાગશે. જેમ શિખર પરથી ધુમ્મસના વાદળો વિખરાય જાય ત્યારે શિખર સ્પષ્ટ અને ઉન્નત દેખાય છે. એ રીતે મનમાંથી અહમ, સ્વાર્થ તેમજ અસતનો અંધકાર દાવાનળ દૂર થશે ત્યારે સત્યભાસી,મિતભાષી,પ્રેમ અને કરુણામય જીવન પ્રગટશે.

અને પિગલી જાય ધુમ્મસ અહં રચેલા બધાં,
બને ગિરિ શિરો શી સ્પષ્ટ પરમોન્નતા ચેતના;
અમે નિજ સમસ્ત સત્તવ ત્યહી પ્રેરતા,તું વિષે
થઈ સ્થિર દૃઢાવતા સકળ ભાવ ઉદભાવના
થતી દૃઢ અચંચલા, પ્રગટતી શી સંવાદિતા,
રચાય દૃઢ વેદી ચૈત્યમય સત્ નિષ્ઠાની શી !"

'ઉત્કંઠા' કાવ્યસંગ્રહમાં 'પૂર્વ કિનારે બાપુ' કાવ્યમાં ગાંધીજીને દયા અને કરુણાની મૂર્તિરૂપે દર્શાવી તેમની ઉત્તમ જીવન શૈલી સમુચિત રીતે કરવામાં આવી છે.

"આ પૂર્વના સાગરને કિનારે
ભલે પધાર્યા અહી આમ બાપુ!
આ આપનું રૂપ અહી સજાવી
વિરાટશું સુસ્થિર ઉચ્ચ સ્થાપ્યું,
આવી રહ્યા સાગર વીંધી આપશું,
આ ભૂમિ કેરા જય કાજ-સૂર્યના
ગાયત્રીના મંત્રની લૈ ઋચાઓ,
સૌ રાજ્ય કો સત્યનું માડવાને!"

પૂર્વના સાગર કિનારે અર્થાત પોરબંદરમાં જન્મેલા મહાત્મા ગાંધી પછીથી પોતાની વિરાટ પ્રતિભાના દર્શન કરાવે છે. સ્વરાજ્યની પ્રાપ્તિ માટે સત્ય અને અહિસાના શસ્ત્ર વડે ચળવળ ચલાવી. માનવજાત અને રાષ્ટ્રના કલ્યાણ અર્થે તેમણે કરેલા વિવિધ કાર્યો ની નોંધ છે.

રામનારાયણ પાઠક :

ગાંધી ની સત્યમય વાણીના સંદર્ભ અહિસાધર્મીને શોભે તેવી આ પ્રાર્થના છે. પોતે વ્યર્થ ગુમાવેલી જીંદગીને ફરી અર્થસરભર-સત્યમય બનાવવાની કવિની યાચના છે.

પ્રભુ જિંદગી પુણ્ય વિના ગઈ છે,
પણ ક્યાં તુજ એ કરુણા ગઈ છે.
બીજું ના કંઈ તો બસ આટલું દે,
જગ પાપ શું કૈ લડવાનું જ દે,
લડી પાર અને પડવાનું જ દે,
હસી મુત્યુ મુખે હસવાનું જ દે,
ધસી મુત્યુ મુખે હસવાનું જ દે,

જીવવા નહિતો મરવા કોઈ ભવ્ય પ્રસંગ તું
દે!

'શેષના કાવ્યો' માં 'માંગુ',પ્રભુ જીવન દે', 'ગાંધીયુગ'ઇત્યાદિમાં ગાંધી યુગીન વિચારધારા સુંદર રીતે વણાયેલી છે. 'માંગુ' કાવ્યમાં સત્ય અને અહિસાયુક્ત જીવન માટે પ્રભુ પાસે પ્રાથના કરી છે.

પ્રજારમ રાવળ :

'ખીલા' નામના કાવ્યમાં પણ કવિએ 'સંત પુરુષો જાતે દૂ:ખ વેઠીને જગત કલ્યાણ કરે છે. મહાવીર સ્વામી એટલે પરોપકાર,ક્ષમા અને અહિંસાનો પર્યાય તેમના જીવન પ્રસંગનો સંદર્ભ અહી દષ્ટવ્ય છે:

ખીલા
સોંસરવા વાગેલ
જામોકામી જે જામેલ
ભુલાયેલ કોઈ કોઈ કાલના
મર્મ ભદી
પ્રાણ છેદી,
કોણબ જાણે કેમ
વરસત્તો કો પ્રેમં
આ જ પાડતા
હા.. શ.. ઢીલા!"

'શીલનું વસ્ત્ર' કાવ્ય પણ ચરિત્રગુણોનો મહિમા વર્ણવતું કાવ્ય છે. મનુષ્યનું વસ્ત્ર તેનું ચરિત્ર છે.શીલનું વસ્ત્ર તે વસ્ત્ર અવસ્ત્ર શું' એમ કહીને કવિએ ચારિત્રીક ગુણોનો મહિમા વર્ણવ્યો છે.

'મહાયુદ્ધ' કાવ્યસંગ્રહમાં સંગ્રહિત 'મહાયુદ્ધ'નામની કાવ્યકૃતિ અહિંસા જેમાં જીવન આદર્શને દ્રઢ કરનારી ઉત્તમ રચના છે.

રે આ સંહારસંત્રો નિતનીત પ્રગટે કોઈને
કોઈ ખૂણે,
યુદ્ધોની હારમાળા રુધિરથી વિશ્વને રોજ રંગે.
વૈષમ્યો ઝેર ભર્યા નિતનિત વધવા વિશ્વના
માળખામાં
ચિંગારી યુદ્ધે કેરી અહીં તહીં મૂકતા દારૂ
ઠાંસ્યા સ્થળોમાં."

યુદ્ધના જ વિષયને આલેખતું અન્ય એક કાવ્ય 'જગે જ્યારે!'માં પણ કવિએ યુદ્ધની ભયંકર વિનાશક્તાને તાદશ દર્શાવી આપી છે. કવિ કહે છે આ જગતમાં હજારો વર્ષોથી યુદ્ધનો દાવાનળ સળગે છે. મનુષ્યના હ્રદયમાં પણ વેરવૃતિ રૂપી અગ્નિનાં ટુકડાઓ ભરેલાં છે.

ચન્દ્રવદન ચી. મહેતા:

ચોથા દાયકાના કવિ ચન્દ્રવદને પણ સ્વતંત્રતા, ગુજરાત,ગાંધીજી,પ્રતિભાનાં ઘોંટક શ્રેષ્ઠ કાવ્યોમાં 'ઇલા કાવ્યો'માં ના 'સ્મારક'અને 'વિસર્જન' છે. અને ધ્યાનપાત્ર છે.

ભારત ભાગ્ય-વિધાયક ગાંધી,
સત્ય પંથના નાયક ગાંધી,
સ્વતંત્રતાના સૂરજ ગાંધી,
પ્રગટાવ્યો તે ઉન્નત ગાંધી.
ઝંઝાવતે સ્થિર ગાંધીજી,
અભય મૂર્તિ અતિધીર ગાંધીજી,
બહુજન વલ્લભ વીર ગાંધીજી,
જવાહીરમાં હીર ગાંધીજી."

ગાંધીજી સત્યના પાયા ઉપર જ સ્વતંત્રતાની ઇમારત ઊભી કરવા માગતા હતા. તેમનો માર્ગ તો સત્ય અને અહિંસાનો જ હતો. ગાંધીજીવીર,ધીર અને હીર પુરુષ હતા. એવા મહાન પુરુષને વંદન કરતા,એવા કવિ ઈશ્વરને પ્રાથના કરી

પૃથ્વીને સ્વર્ગ સમાન બનાવવાની મહેચ્છા વ્યક્ત કરે છે.

"ટાળી સદાની દૃ:ખીય ભ્રાંતિ,
દે નિત્તય આનંદ અનંત શાંતિ,
સંગીત એવું ઉર ઠારનારું
યાચું હું તો એ વરદાન મારું
પૃથ્વી તણિ નિત્તય પ્રદક્ષિણાઓ
હું તો ફરુંને ગજવું દિશાઓ;
ગાયા કરું એ જ અનંત સ્વર્ગજિત,
પૃથ્વી પછી થાય જ સ્વર્ગજિતં"

ચન્દ્રવદન મહેતાનું 'ઇન્દુ'કાવ્ય પણ અહિસા અને સ્નેહનો સંદેશ આપતું કાવ્ય છે. કવિ કહે છે સાત્ત્વિક પ્રેમથી શાંતિ પ્રાપ્ત થાય છે. અર્થાત અહિસાવૃતિથી સાત્ત્વિક પ્રેમનો માર્ગ ખુલે છે. કવિ અહીંયા વિશ્વ શાંતિ અને બંધુત્તવનો પણ નિર્દેશ કરી આપે છે.

**Materials and methods:**

આ પેપરમાં મેં ઈતિહાસ વિષયને લગતી પદ્ધતિઓ નો ઉપયોગ કરેલો છે. એમાં મેં વિવિધ લાઇબ્રેરીની મુલાકાત લીધી. એમાંથી ગાંધીજીના જીવન પર લખાયેલ કવિતા ઉપર ના પુસ્તકો તથા તેમના વિચારો, ગાંધીજીની વિશે ખૂબ જ સારી માહિતી પ્રાપ્ત થઈ ગાંધીજીના ભારત પરત આવવાના ની સાથે તેમના પર સારા પ્રમાણમાં કવિતા લખાયેલ પુસ્તકોમાંથી માહિતી મળી આવેલ અપ્રગટ દસ્તાવેજો, ગ્રંથો, દફતર ભંડારની મુલાકાત પણ લીધી.

પ્રથમ કક્ષાના સાધનો જેવા કે મૂળ હસ્તપ્રતો,તત્કાલીન સાહિત્ય વગેરે દ્વારા માહિતી એકત્રિત કરવામાં ઉપયોગી થયું છે. સમકાલીન ગાંધીજીના જીવન પર આધારિત કવિઓ દ્વારા લખાયેલ પુસ્તકનો પણ ઉપયોગ લીધો છે.

**Result:**

આ અધ્યયનના અંતે પરિણામો ઘણા બધા મળેલા છે. તેમાં જોઈએ તો ગાંધીજીના કાર્યો આધારિત કવિઓ ધ્વારા રચવા માં આવેલી કવિતાઓ જેમાં એક દેશ પ્રત્યેની ભાવના તથા રાષ્ટ્રવાદ વધ્યો છે. આ પેપર ધ્વારા આવનારી પેઢીને પણ દેશ પ્રત્યે તથા દેશના માટે આંદોલન કરવાની અને અહિંસાનો માર્ગ અપનાવીએ રાષ્ટ્રહિત માટે કંઈક નવું કરવાની ઈચ્છા જાગે ગે છે. જીવનમાં નવું કરવું હોય તો ગાંધીજીના જીવન તથા તેમના આધરીત કવિતાઓ ને યાદ કરી ને તેમાં થી ઘણું બધું શીખવા મળે છે. ભારત દેશ ના કવિઓ લોકો ને ગણી બધી પ્રેરણા આપી છે.

**Discussion:**

"કવિતા ધ્વારા ગાંધીજીની આઝાદીની લડત અને ગાંધી"ના દક્ષિણ આફ્રિકાનો અભ્યાસમાં મે ગાંધીજીના ખુદના લખેલા પુસ્તકો તથા તેમના સમકાલીન કવિઓ. અર્વાચીન કાળ ના કવિઓ લખાયેલ કવિતાઓ આધારે આ પેપરમાં મારા વિચારો વ્યક્ત કર્યા છે. ગાંધીજી એ દેશ માટે જે કાર્યો કર્યા તેના પર અભ્યાસ કરવામાં આવે તો ભારતની સામાન્ય જનતા પણ ગાંધીજી જેવા ઉસાહિત તરફ આકર્ષણ વધશે અને દેશમાં નવા નેતાઓ પ્રગટ થશે.

**Conclusion:**

મહાત્મા ગાંધીના વિચારો દ્વારા ફક્ત તેમની ક્રાંતિ લોહી વિનાની શાંતિપૂર્ણ હતી. તેમણે ન્યાયનું પાલન

કરીએ અન્યાય સામે લડત.હિંસા સામે તેમણે અહિંસક રીતે લડત આપી. તે ગાંધીજીને વિશે કવિઓ એ કેટલી રચનાઓ કરી છે. તેમના કાર્યોનો મહિમા અને ગાથા ગવાય છે.

જે કવિઓ આટલો અપાર અને કવિઓની આંખોની વાણીએ ગાંધીજીને જીવિત રાખ્યા છે. એવા મહાન કવિઓ ઉમાશંકર જોશી,સુન્દરમ,પ્રજારામ રાવળ,ચન્દ્રવદન મહેતા જેવા કવિઓ નો ફાળો છે.

Reference books:


૧ 'પ્યારબાપુ'(સામયિક),પૃ.૨૮૯,સંપા-નવિનગાધી,અંક:૩૦ડિસે,૧૯૫૨.

૨ 'ગાંધીજીનું સાહિત્ય', રમણ મોદી પૃ. ૫, આવૃતિ ૨૦૦૭.

૩ સમગ્ર કવિતા,ઉમાશંકર જોશી,પૃ.૮,આવૃતિ ૧૯૮૧.

૪ સમ-સંવેદન, ઉમાશંકર જોશી,પૃ.૨૮,આવૃતિ-૧૯૫૬.

૫ 'યાત્રા',સુન્દરમ,પૃ.૯૯,૫૨. આ.૧૯૫૧.

૬ એજલ,પૃ.૧૩૫.

૭ ,વસુધા',સુન્દરમ, પૃ.૪૨,પ્ર. આ.૧૯૯૧.

૮ ઈલાકાવ્યો અને બીજા,ચન્દ્રવદન ચી. મહેતા, પૃ,૧૮૧,આ.૧૯૫૨.